Ph. : 0281-2587144
ccdcdepartment@gmail.com

CCDC

**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot.**

Ground Floor, CCDC Building, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005

Re-Accredited
Grade **A** by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.: ----
Date: 30-12-2019

---

## પ્રેસનોટ

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા ૧૦, જાન્યુઆરી, ૨૦૨૦ થી જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ તથા પોલીસ ઈન્સ્પેકટર(પી.આઈ.) વર્ગ–૨ ની ૪૦ જગ્યાઓ માટેના સંયુક્ત પ્રિલીમીનરી પરીક્ષાનાં કોચીંગ વર્ગનું આયોજન...

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સી.સી.ડી.સી.નાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક
પરીક્ષાઓમાં અનેક વખત રેકોર્ડબ્રેક સફળતા મારફત સરકારી નોકરીઓ મેળવી છે. સી.સી.ડી.સી. સૌરાષ્ટ્ર
યુનિવર્સિટી મારફત ૩૦ થી ૩૦૦ કલાકના નિયમીત તાલીમવર્ગો મારફત જી.પી.એસ.સી., ગુજરાત ગૌણ સેવા,
તલાટી, શિક્ષક અભિયોગ્યતા કસોટી, આઈ.બી.પી.એસ., સ્ટાફ સિલેકશન વગેરે રાજય તેમજ કેન્દ્ર કક્ષાની મહતમ
પરીક્ષાઓની તાલીમ નિષ્ણાંત તજજ્ઞો રાઉન્ડ ધી કલોક આયોજનો, સમૃદ્ધ લાયબ્રેરી અને સમયાંતરે સચોટ
કાર્યશાળાઓના આયોજનથી ચલાવવામાં આવે છે અને ઉતરોતર તાલીમાર્થીઓ મારફત સીમાચિહ્ન સફળતાઓ
પ્રાપ્ત થયેલ છે. હાલમાં માર્ચ–૨૦૨૦ માસમાં જી.પી.એસ.સી. મારફત પોલીસ ઈન્સ્પેકટર(પી.આઈ.) વર્ગ–૨
ની ૪૦ જગ્યાઓ માટે પ્રવેશ પરીક્ષાની જાહેરાત કરાયેલ છે ત્યારે સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓ સમયનો સદ્
ઉપયોગ કરી આગોતરા તૈયારી કરી શકે અને આવનારી સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવી શકે તે માટેના
તાલીમ આપવાનું આયોજન **તા. ૧૦, જાન્યુઆરી, ૨૦૨૦, શુક્રવારથી** સી.સી.ડી.સી. ખાતે શરૂ કરવામાં આવશે.
આ તાલીમવર્ગમાં સિલેકટેડ ટોપીક જેવા કે, ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો, બંધારણ, પંચાયતી રાજ, ભારતીય
અર્થતંત્ર અને આયોજન, ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને સામાન્ય બૌદ્ધિક ક્ષમતા કસોટીની તાલીમ
આપવામાં આવનાર છે.

ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ **તા. ૮,જાન્યુઆરી, ૨૦૨૦** સુધીમાં સી.સી.ડી.સી.
બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ
ટોકન શુલ્ક સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, ગ્રેજ્યુએશન માર્કશીટ, જી.પી.એસ.સી. પોલીસ ઈન્સ્પેકટર
(પી.આઈ.)ની ઓનલાઈન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ
વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ
રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

આભાર સહ,

for, [signature]

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)